INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                    તા ૨૫/૧૦/૨૦૨૩

- **ખેતીવાડી અધિકારીએ ૨૦૦૧ મા હલકી જંતુનાશક દવા વેચતા વેપારી ઉપર કરેલ ફરીયાદનુ સમન્સ નિવૃત અધિકારીને ૨૨ વર્ષે આવ્યુ (હાજર હો ૨૫.૧૦.૨૦૨૩)**
- **ગુજરાતમા હલકી ગુણવત્તાયુક્ત જંતુનાશક દવા, બિયારણ અને ખાતરને કારણે આર્થિક નુકશાની ભોગ બનતા ખેડુતોને ન્યાય આપવા રાજ્ય સરકાર ખાસ ફાસ્ટ કોર્ટ શરુ કરે.**
- **જે વેપારીઓના હલકા અને નબળા એગ્રી ઈન્પુટસ (જંતુનાશક દવા, બિયારણ અને ખાતર) થી છેતરાતા ખેડુતોને રાજ્ય સરકાર ત્વરિત વચગાળાની આર્થિક રાહત આપવાની જોગવાય કરે.**
- **રાજ્યમા ખેડુતોના આપઘાતનુ કારણ અમુક વેપારીઓના હલકા અને નબળા એગ્રી ઈન્પુટસ (જંતુનાશક દવા, બિયારણ અને ખાતર) સાબિત થાય તો તેવા વેપારીઓ ઉપર માનવ વધનો ગુનો દાખલ કરવામા આવે.**

નબળા – હલકા એગ્રી ઈન્પુટસના વેચાણ સામે રાજયમા મજબુત કાયદા નથી અને કાયદામા ગુનેગારોને સજાની જોગવાય નથી, તેના કારણે અમુક વેપારીઓ ભય અને ડર વગર નબળા અને હલકા એગ્રી ઈન્પુટસ (જંતુનાશક દવા, બિયારણ અને ખાતર) ખેડુતોને વેચીને કરોડો રુપિયાની કમાણી કરે છે. જે રાજ્ય સરકાર માટે કલંક.

ગુજરાતના કૃષિ વિભાગના ઈમાનદાર અધિકારીઓ આ દિશામા કામ કરવા મજબુત છે પરંતુ ખોખલા કાયદાઓ, કાયદામા સજાની જોગવાય નહી અને અમુક અંશે મંદ ગતિથી ચાલતી ન્યાય પ્રક્રીયાને કારણે ખેડુતોને ન્યાય મળતો નથી.

એક ઈમાનદાર ખેતીવાડી અધિકારીએ હલકી અને નબળી જંતુનાશક દવાના વેપારી ઉપર શિહોર કોર્ટમા કેસ ફાઈલ કર્યો,તેની વિગત સરકારની ખેડુત વિરોધી નિયત અને માનસિકતા છતી કરે છે.

એક ખેતીવાડી અધિકારીએ વર્ષ ૨૦૦૧ મા હલકી ગુણવત્તાની જંતુનાશક દવાનો કેસ ભાવનગરના શિહોર કોર્ટમા દાખલ કરેલ, વર્ષ ૨૦૦૩ સુધી કેસની મુદત પડતી અને દર વર્ષે ચાર-પાંચ મુદત આવતી, ૨૦૦૩ સુધી મુદતની જાણ મજકુર ખેતીવાડી અધિકારીને હતી અને ત્યા સુધી તે કોર્ટમા હાજરી પણ આપતા હતા, પરંતુ વર્ષ ૨૦૦૩ પછી તે ખેતીવાડી અધિકારીને મુદતની તારીખ જાણ થતી જ બંધ થઈ ગઈ અને વર્ષ ૨૦૨૩મા એટલે કે હવે આ અધિકારી નિવૃત થયા બાદ કેસ બોર્ડ ઉપર આવેલ છે. આમ એક પેઢી જેટલા લાંબા સમય સુધી આ નબળા અને હલકા એગ્રી ઈનપુટસ વેચતા રહ્યા, આમ આટલા લાંબા સમય પછી કોર્ટમા કેસ બોર્ડ ઉપર આવતા હોય તો શુ ખેડુતોને ન્યાય મળવાની અપેક્ષા જીવંત રહે ? ઈમાનદાર ખેતીવાડી અધિકારીએ પોતાની ફરજ દરમ્યાન નબળા અને

હલકા એગ્રી ઈન્પુટસ વેચતા વેપારીઓ ઉપર ફરિયાદ કરીને કોર્ટ કાર્યવાહી કરી તેનુ અંતે પરિણામ શુ આવ્યુ ? સરકારમા ફરજ બજાવતા આવા ઈમાનદાર ખેતીવડી અધિકારીઓને કામ કરવાનો ઉત્સાહ રહે ? આમ ગોકળગાયની મંદગતિએ ચાલતી વહીવટી પ્રક્રીયાથી રાજ્ય સરકાર ખેડુતોને ન્યાય અપાવી શકે ?

ટુંકમા ગુજરાત સરકારની ખેડુત વિરોધી માનસિકતા હલકી અને નબળી ગુણવત્તાયુક્ત જંતુનાશક દવા, બિયારણ અને ખાતર વેચતા વેપારીઓને સીધી અને આડકતરી રીતે પ્રોત્સાહન પુરુ પાડે છે, અને તેના કારણે આવા અનઅધિકૃત એગ્રી ઈન્પુટ્સ વેચતા વેપારીઓનો વિશ્વાસ વધે છે અને રાજયના ખેડુત વર્ષે કરોડો રુપિયાની આર્થિક નુકશાની ભોગવે અને  અને તે પૈકીના અમુક આત્મહત્યાના પગલા ભરવા મજબુર થાય છે.

મા કૃષિ મંત્રી અને સરકારને અમારી વિનંતી છે કે સરકારની વર્તમાન કાર્ય પદ્ધતિ અને કાયદાની જોગવાઈઓ ખેડુતોના ભોગે વેપારીઓ માટે સુરક્ષિત કરનારી છે,તેમા ઘનિષ્ટ વિચારણા થાય અને રાજ્યનો કોઈપણ ખેડુત ખેતી સામગ્રીની ખરીદીમા છેતરાઈ નહી તે આર્થિક નુકશાનીનો ભોગ ન બને તે માટે અમારા ઉપરોકત સુચનોને ધ્યાને લઈને વહેલીતકે નિર્ણયો કરવામા આવે.

સામેલ - સમન્સની નકલ

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ

CC- ૧૯૩૧૦૨

તા. ૨૫/૦૪/૨૩

(G. P. V.)—1241-10,00,000—3-2017-A5*
G. R. J. D., No. 5713 of 6-10-11 ]
(ક્રિ. પ્રો. કોડ કલમ નં. ૬૮, ૨૦૮, ૨૪૪, ૨૪૫, ૫૨ અને ૨૫૭].

C. P. C. 24 ક

૨૨૨૯/૨૩

સિહોર

सत्यमेव जयते

**સાહેદ સમન્સ**

ગુજરાત સરકાર વતી
શ્રી એચ. બી. ડોડીયા
મદદનીશ નિયામક (ઉ.નિ.)
એ બ્લોક બિલ્ડીંગ - ૩,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર

ના રહેવાસી જોગ

મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે, ના રહેવાસી

એ તારીખ માહે સને ૨૦૧ ના રોજ

માં † [illegible] નો ગુનો કર્યો છે અને મને કર્યાનો શક આવ્યો

જણાય છે કે તમે ‡ શ્રી સરકાર તરફથી મુદ્દાનો પુરાવો ઘણું કરીને આપશો.

વાસ્તે તમને આ ઉપરથી સમન્સ કરવામાં આવે છે કે, સદરહુ ફરિયાદની બાબત સંબંધી તમે જે જાણતા હો તેની સાહેદી આપવા માટે તમારે આવતા ૨૫/૦૪/૨૩ મહિનાની તારીખે [illegible]:૩૦ કલાકે આ કોર્ટની આગળ સિહોર મુકામે હાજર થવું અને કોર્ટની રજા વગર ત્યાંથી જવું નહિ.

† અહીંયાં મુખતેસરમાં ગુનો તથા તેનો વખત તથા જગા લખવી.

‡ અહીંયાં ફરીયાદીવાળા અગર તહોમતવાળા અગર કોર્ટ તરફથી એ લખવું.

એડી. ચીફ જ્યુડી. મેજી.
સિહોર.

(પાછળ જુઓ)

Additional Chief Judicial Magistrate
*SIHOR*

એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજી. * સિહોર *

૨૫/૦૪/૨૩